# SAURASHTRA UNIVERSITY

**Exam Cell Section**

University Campus, University Road, Rajkot – 360005

Phone No.: (0281) 2576511 Ext. No.707-710 / FAX No.: (0281) 2586411

E-mail Id: exam06@sauuni.ac.in


No. Exam Cell / 893 / 2021 Dt. 08 / 09 / 2021

**પરિપત્ર :–**

**વિષય :–** કૌશલ્ય તાલીમને મુખ્ય શિક્ષણ ધારા સાથે જોડાણ અંગેની નિતી.

**સંદર્ભ :–** (૧) શિક્ષણ વિભાગનો તા.૦૨–૦૬–'૧૧ નો ઠરાવ ક્રમાંક : મશબ / ૧૨૧૧ / ૫૯૦ / છ.

(૨) અત્રેના પરિપત્ર ક્રમાંક : પરીક્ષા / સેલ / ૫૦૦ / ૨૦૧૧, તા.૦૫–૦૮–૨૦૧૧.

(૩) અત્રેના તા.૦૭–૦૭–૨૦૨૧ ના પત્ર ક્રમાંક : પરીક્ષા સેલ / ૮૭૦ / ૨૦૨૧.

(૪) અત્રેના પરિપત્ર ક્રમાંક : પરીક્ષા સેલ / ૮૮૧ / ૨૦૨૧, તા.૨૬ / ૦૭ / ૨૦૨૧.

(૫) વિભાગની તા.૨૧–૦૮–૨૦૨૧ ની નોંધ પર માન. કુલપતિશ્રીના મળેલ આદેશ.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓને, યુનિવર્સિટી સ્થિત અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓને, અનુસ્નાતક કેન્દ્રનાં નિયામકશ્રીઓને તેમજ માન્ય સંસ્થાઓના વડાશ્રીઓને જણાવવાનું કે, ઉકત વિષય પરત્વે સંદર્ભ–૧ પત્ર અન્વયે સંદર્ભ–૨ પરિપત્ર મુજબ કાર્યવાહી કરવામાં આવતી હતી તેમજ સંદર્ભ–૩ થી ધો.૧૦ પછી ત્રણ વર્ષ કે તેથી વધુ સમયનો કોર્ષ કરેલ હોય તો તેવા વિદ્યાર્થીઓને કયાં કયાં અભ્યાસક્રમમાં અને કયાં સેમેસ્ટરમાં પ્રવેશ આપવો તે અંગેનું માર્ગદર્શન માટે પત્ર પાઠવવામાં આવેલ છે.

સંદર્ભ–૪ પરનાં પરિપત્રથી શિક્ષણ વિભાગનું માર્ગદર્શન મળ્યા બાદ જે નિર્ણય યુનિવર્સિટી ધ્વારા લેવામાં આવે તેને ધ્યાને લઈ ને જ ધો.૧૦ પછીના ત્રણ વર્ષ કે તેથી વધુ વર્ષના ડિપ્લોમા પાસ કરેલ હોઈ તેવા વિદ્યાર્થીઓને B.A. / B.Com. / B.C.A. / B.B.A. / B.Sc. / B.Sc. I.T. / B.Sc. Home Sci. / B.R.S. / B.S.W. નાં ૦૩ (ત્રીજા) સેમેસ્ટરમાં પ્રવેશ આપવાનો રહેશે તેમ જણાવવામાં આવેલ.

સંદર્ભ–૫ પરની નોંધ પર માન. કુલપતિશ્રીના મળેલ આદેશ મુજબ વર્ષ ૨૦૨૧–૨૨ નું શૈક્ષણિક શરૂ થઈ ગયેલ હોય જે વિદ્યાર્થીઓએ ઉપર દર્શાવ્યા પ્રમાણે ડિપ્લોમા પાસ કરેલ હોય તેવા વિદ્યાર્થીઓને અગાઉ જેમ સેમેસ્ટર–૩ માં પ્રવેશ આપતા સમયે પ્રોવિઝનલ એલીજીબીલીટી સર્ટીફીકેટ (પી.ઈ.સી.) મેળવી અગાઉ જેમ સંદર્ભ–૨ પરિપત્ર મુજબ પ્રવેશ અંગેની કાર્યવાહી કરવામાં આવતી તે મુજબ વર્ષ ૨૦૨૧–૨૨ માટે પણ કરવાની રહેશે.

વધુમાં જે વિદ્યાર્થીઓએ ડિપ્લોમા પાસ કર્યા બાદ વર્ષ ૨૦૨૧–૨૨ માં સેમેસ્ટર–૧ માં પ્રવેશ મેળવેલ હોય અને તેઓને અત્રેથી પી.ઈ.સી. સેમેસ્ટર–૧ નું મળેલ હોય તેવા વિદ્યાર્થીઓને સેમેસ્ટર–૩ માં પ્રવેશ માટેનું પી.ઈ.સી. અત્રેથી તેમના ઈ–મેઈલમાં ઈસ્યુ કરવામાં આવેલ છે જેની નકલ મેળવી જે કોલેજમાં પ્રવેશ મેળવેલ હોય ત્યાં તે રજૂ કરી આગળની યોગ્ય કાર્યવાહી કોલેજ કક્ષાએથી કરવાની રહેશે, જેની નોંધ લેશો.

**પરીક્ષા નિયામક**

**પ્રતિ, (વિદ્યાર્થીઓના ધ્યાન પર ખાસ મુકવા અર્થે)**

૧) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ તરફ...

૨) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સ્થિત તમામ અનુસ્નાતક ભવનનાં અધ્યક્ષશ્રીઓ તરફ...

૩) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન અનુસ્નાતક કેન્દ્રના નિયામકશ્રીઓ તરફ...

૪) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન માન્ય સંસ્થાઓના વડાશ્રીઓ તરફ...

**નકલ રવાના :–**

૧) માન. કુલપતિશ્રી / માન. ઉપકુલપતિશ્રી અંગત સચિવશ્રી તરફ...

૨) કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી તરફ...

૩) પરીક્ષા વિભાગના તમામ વિભાગો તરફ...

૪) સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના તમામ અન્ય વિભાગો તરફ...

(જાણ અર્થે)